**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૧૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૮૨ ટકા





## ભર શિયાળે પાણીની રેલમછેલ

ખ-૭ માર્ગ પર જાણે વરસાદનું પાણી ભરાઈગયું હોય તેવા દશ્યો સર્જાયા છે. આખા વિસ્તારમાં માર્ગની આસપાસ પાણી ભરાયું છે. જો કે આ પાણી વરસાદનું નહીં પણ પાણીની પાઈપલાઈન તૂટવાથી ભરાયું છે. ત્યાંના વસાહતીઓને સવારના સમયે આ દશ્યો જોતા જ એવી લાગણી પ્રસરી કે જાણે ખૂબ વરસાદ વરસ્યો હોય અને પાણી ભરાઈ ગયું હોય પરંતુ સ્થળ પર જઈને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે પાણીની પાઈપ લાઈન લીકેજ થવાથી આટલું બધું પાણી ભરાયું છે. માર્ગની આસપાસ ખોદકામ થવાના કારણે ખાડાઓમાં પણ પાણી ભરાયા છે.

## જન્મદિને વધામણી


પ્રદિપ એ પરમાર


રિતીક પવાર
મો. ૭૭૭૮૮ ૮૦૨૭૬


આરવ હાર્દિકકુમાર ભટ્ટ


કુશ બ્રિજેશકુમાર રાજદીપ


આરવ શિલ્પેશકુમાર પરમાર


રાજવીરસિંહ એચ. જાડેજા
૯૫૧૦૮૮૭૦૬૫

# નેશનલ વાડોકાઈ કરાટે સ્પર્ધામાં ગાંધીનગરની ટીમે ફાઈટમાં ૭ અને કાતામાં ૫ ગોલ્ડ મેડલ્સ જીત્યા



ગાંધીનગર, તા.૨

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ડો એસોસીએશન દ્વારા તાજેતરમાં સોમનાથ ખાતે ૨૩મી રાષ્ટ્રીય વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાની ગાંધીનગર શાખાના ખેલાડીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગાંધીનગરનાં ૭ ખેલાડીઓ ફાઈટમાં ચેમ્પિયન બન્યા હતા, જ્યારે ૫ ખેલાડીઓ સિલ્વર મેડલ્સ મેળવવામાં સફળ રહ્યા હતા. આ ઉપરાંત કાતા ઈવેન્ટમાં પણ ૫ ખેલાડીઓએ ગોલ્ડ મેડલ તથા ૮ ખેલાડીઓએ સિલ્વર મેડલ મેળવ્યો હતા. ૧૩ જેટલા ખેલાડીઓ સેમીફાઈનલ સુધી પહોંચ્યા હતા.

વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાનાં ગાંધીનગરનાં વડા રેન્સી શ્રી ગૌરાંગભાઈ રાણા, સેનસાઈ શ્રી દર્શન સુથાર, સેનસાઈ શ્રી સુરજ ત્રિપાઠી તથા રેન્સી શ્રી શૈલેષ આહિર દ્વારા સ્પર્ધાનાં ખેલાડીઓને સ્પર્ધા લક્ષી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. ફેડરેશનનાં ચીફ ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ વિજેતા ખેલાડીઓ તથા તેમના કોચને આ ઝળહળતી સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. બે દિવસ ચાલેલી આ સ્પર્ધામાં ગુજરાત, દમણ અને દીવ, મહારાષ્ટ્ર, તામીલનાડુ, આંધ્ર પ્રદેશ, બિહાર, બંગાળ વગેરે રાજ્યોનાં ચુનંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો. કુમિતે એટલે કે ફાઈટ વિભાગમાં ૨૯૦ ખેલાડીઓ તથા કાતા વિભાગમાં ૨૭૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# મધુર ડેરીની ટીમ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજેતા બની



ગાંધીનગર, તા.૨

શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ.વર્ગીસ કુરિયનની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ દ્વારા ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં વિવિધ જિલ્લા દૂધ સંઘો દ્વારા આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ગાંધીનગર જિલ્લા દૂધ લિમિટેડ મધુર ડેરીની 'મધુર હિરો' ટીમે ફાઈનલ મેચમાં વિજેતા કપ હાંસલ કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં ફાઈનલમાં જીતવા બદલ ત્રણ પ્રકારના એવોર્ડ આપવામાં આવ્યા હતા. જેવા કે બેસ્ટ બેટસમેન, મેન ઓફ ધ સીરીઝ અને ટુર્નામેન્ટ વિજેતા. મધુર ડેરીની મધુર હીરો ટીમે આ ટુર્નામેન્ટમાં વિજેતા થઈને મધુર ડેરીનું ગૌરવ વધાર્યું છે. આ ઉમદા કાર્ય કરવા બદલ મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ 'મધુર હિરો' ટીમના દરેક સભ્યને અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે જ મધર ડેરી ભાટ ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના શુભ હસ્તે અમૂલ ફેડ ડેરીના ૪૧૫ કરોડના જુદા જુદા પ્રોજેકટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ એમ.ટી.પી.ડી. દૂધ પાવડર પ્લાન્ટ, ઓટોમેટીક રોબોટીક સ્ટોરેજ અને રેટ્રીયાલ સિસ્ટમનું લોકાર્પણ કર્યું હતું. જેનો ખૂબ ફાયદો ખેડૂત અને પશુપાલકોને મળશે અને ડેરી ક્ષેત્રમાં આધુનિક ટેકનોલોજીના કારણે કામમાં ગતિ આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર દૂધ સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, સંઘના મેનેજીંગ ડીરેકટર રોહિત મહેતા તથા મહિલા દૂધ ઉત્પાદકની બહેનોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતનમાં છાત્રોનો ઓનલાઈન સ્વાગત સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા તાજેતરમાં જ પાંચ સર્ટિફિકેટ કોર્સમાં પ્રવેશ મેળવનારા છાત્રોનો ઑનલાઈન આવકાર સમારંભ યોજાઈ ગયો. જેમાં રાજ્યભરમાંથી વિવિધ વયજૂથના ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ આવકાર સમારંભર ૮૦ મિનિટ સુધી ચાલ્યો હતો. જેમાં પ્રાર્થના અને છાત્રોના શાબ્દિક સ્વાગત બાદ શોર્ટ ફિલ્મ દ્વારા યુનિવર્સિટીનો પરિચય અપાયો હતો. વિદ્યાનિકેતનના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે વિભાગનો પરિચય આપ્યો હતો. કોર્સમાં પ્રવેશ મેળવનારા તમામ છાત્રોએ ઑનલાઈન સ્વપરિચય પણ આપ્યો હતો. આ તકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે તમામને શુભાશિષ પાઠવ્યા હતા. જ્યારે યુનિવર્સિટીના માનનીય કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ સૌને શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમમાં કોર્સ સંબંધે ઑનલાઈન પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે, વિદ્યાનિકેતન વિભાગમાં પાંચ સર્ટિફિકેટ કોર્સ ચાલે છે. જેમાં સર્ટિફિકેટ કોર્સ ઈન ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગ, વોકલ મ્યુઝિક, ભારતીય ખેલ, નૃત્ય, સ્પોકન ઈંગ્લિશ સહિતનો સમાવેશ થાય છે. આ કોર્સમાં હાલમાં તમામ વયજૂથના ૩૫ જેટલા છાત્રોએ પ્રવેશ મેળવ્યો છે.




યોગી સીટી બસ સ્ટેન્ડની બાજુમાં પાણીની પરબ પાસે ગંદકીના દશ્યો સર્જાયા છે. જયાં ગટરનું ઢાંકણ પણ નથી જેથી દુર્ગંધ ફેલાઈ રહી છે અને પાણી ઉભરાઈને રોડ નજીક ભરાઈ રહ્યું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. શર્મા નિશાબેન ધર્મેન્દ્ર, ઉ.વ. ૨૬, મોટા ચિલોડા
- સ્વ. ઠાકોર ભવાનજી શંકાજી, ઉ.વ. ૪૫, ફતેપુરા, પેથાપુર

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પારેખ અલ્પાબેન દિનેશભાઈ, ઉ.વ. ૪૯, વાવોલ
- સ્વ. આશરા અનંતરાય મનસુખલાલ, ઉ.વ. ૭૧, કુડાસણ

# રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સેનેટરી પેડસનું વિતરણ

ગાંધીનગર, તા.૨

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા આજ તા. ૨-૧૨-૨૦૨૧ના રોજ આદર્શ નિવાસી (કન્યા) વિદ્યાલય, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે પરમેનન્ટ પ્રોજેક્ટ અંતર્ગત સેનેટરી પેડ્સનું વિતરણ કરાયું હતું.

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા આ પ્રોજેક્ટ અંતર્ગત આદર્શ નિવાસી (કન્યા) શાળાની ૨૦૦ જેટલી દિકરીઓને પ્રતિ માસ જરૂરિયાત મુજબ મળી રહે તે રીતે સેનેટરી પેડ્સના વિતરણ થકી દ્વિતીય પરમેનન્ટ પ્રોજેક્ટ કાર્યરત કરાયો. આ પ્રોજેક્ટ



અંતર્ગત સંસ્થાની દિકરીને સેનેટરી નેપકીન ખરીદવા બહાર ન જવું પડે કે બહારથી મંગાવવા ન પડે અને આર્થિક ખર્ચ ન કરવો પડે તે માટે રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા પ્રતિમાસ આ સુવિધા મળતી રહે તે પ્રકારનું આયોજન કરાયેલ છે.

આ પ્રસંગે આ વિસ્તારના કોર્પોરેટર્સ તેમજ ગાંધીનગર મહાનગરના દંડક તેજલબેન પટેલ, કોર્પોરેટર મીરાબેન પટેલ, કોર્પોરેટર દર્શનાબેન ત્રિવેદી સહિત સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ, મનોજ સરૈયા, યશવંત જોશી, અશ્વિનભાઈ શર્મા, ઈલાબેન વોરા, ગૌરાંગ રાવલ, પત્રકાર કિશોરભાઈ અંજારીયા, યોગેશભાઈ પટેલ, શાળા પરિવારના સદસ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સંસ્થાના સેક્રેટરી પાર્થ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

# આજે સે-ઉન્યુ ખાતે કોરોના રસીકરણ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨

કોરોના વાયરસના નવા વેરિયન્ટના આગમનની ચર્ચાઓ વચ્ચે ગાંધીનગરમાં કોવિડ-૧૯ રસીકરણ વધુ સઘન બનાવવા પ્રયાસ થઈ રહ્યાં છે. આ અંતર્ગત શહેરના સેક્ટર-ઉન્યૂ સરકારી આર્યુવેદિક દવાખાને તા.૩જી ડિસેમ્બર, શુક્રવારના રોજ કોરોના રસીકરણ કાર્યક્રમ સવારે ૧૦.૩૦ કલાકથી યોજવામાં આવ્યો છે. રસીકરણનો પ્રારંભ વોર્ડના ચારે કોર્પોરેટર રાજુભાઈ પટેલ, શૈલાબેન ત્રિવેદી, અલ્પાબેન પટેલ, ડાૅ .સંકેત પંચાસરા કરાવનાર છે જેમાં વસાહત મંડળના તમામ સભ્યો અને સક્રિય વસાહતીઓએ હાજર રહેવા સે.ઉન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાએ જણાવ્યું છે. આ સાથે તેમણે કોરોના પ્રતિરોધક રસી લેવાની બાકી હોય તેવા સેક્ટરના તમામ વસાહતી ભાઈ-બહેનોને અવશ્ય રસીકરણ કાર્યક્રમનો લાભ લેવા જાહેર અપીલ કરી છે.

# શહેરમાં ચર્ચાસ્પદ બનતી ઉજવણીની વિચિત્ર પધ્ધતિ

## હવે, યુવાનોમાં જન્મદિવસની ઉજવણીમાં વધતા વિચિત્ર ટ્રેન્ડે ચર્ચા જગાવી છે

ગાંધીનગર, તા.૨

શહેરભરમાં યુવાધન અવનવા ટ્રેન્ડમાં ફસાતું જોવા મળી રહ્યું છે. સોશિયલ મીડિયાના માધ્યમથી યુવા પેઢી નવા નવા ગતકડાઓને ફોલો કરી રહી છે ત્યારે નવા નવા ગતકડાઓ પૈકી એક છે જન્મદિવસની ઉજવણીનો ટ્રેન્ડ જેમાં જન્મ દિવસ ઉજવવાની રીતભાત સાવ બદલાઈ જ ગઈ છે. સોશિયલ મીડિયા માધ્યમથી વીડિયો વાયરલ કરવાની મજા આજકાલની યુવાપેઢીની જાણે એક પરંપરા થઈ ગઈ છે. એક કિસ્સામાં જન્મદિવસની ઉજવણી કરતા કરતા જન્મદિવસ જ મરણદિવસ બની ગયો હતો અને તે વિડિયો વાયરલ પણ થયો હતો તેથી શીખ આ યુવા પેઢીએ ચોકકસ મેળવવી રહી.

સોશિયલ મીડિયામાં એક જન્મદિવસ ઉજવણી કરતો વિડીયો વાયરલ થયો હતો જેમાં મિત્રો દ્વારા બર્થ ડે બોયને બોલાવીને રાત્રે કેક કાપવાની જગ્યાએ તેના મિત્રોએ ગડદાપાટુ મારીને તથા માથા પર ઈંડા મારીને એટલો હેરાન કર્યો હતો કે બિચારો છોકરો ત્યાં જ મૃત્યુ પામ્યો હતો. આ મિત્રોએ તેનો જીવ લીધો તેવું જ કહી શકાય. જન્મદિવસની ઉજવણીમાં ત્રણ ચાર વર્ષથી કાંઈક અલગ જ ઉજવણી ચાલી રહી છે. રાત્રે મિત્રો ભેગા થાય અને બર્થ ડે બોયને પકડીને મારવાનો તથા કેક અને ઈંડા જેવી ચીજવસ્તુઓથી રંગી કાઢવાના. જેમાં માસુમોના જીવને જોખમ



થઈ રહ્યું છે. શું જન્મદિવસ રાત્રે જ ઉજવાય તો તે ઉજવેલો ગણાય ? ઉપરાંત બર્થ ડે હોય તેઓને આટલી હદે હેરાન કરીને જન્મદિન ઉજવવો કયા પુસ્તકોમાં લખ્યું છે? દિવસેને દિવસે યુવા પેઢીના ટ્રેન્ડ મોતના કુવા સમાન થતા જાય છે.

શહેરમાં ઘણા યુવાનો યુવતીઓ પોતાના જન્મદિન નિમિતે દાન પુણ્ય કરે છે. વૃધ્ધાશ્રમમાં જઈને કેક કાપે છે. ભોજનની વ્યવસ્થાઓ કરે છે. ગરીબોને કપડાં આપે છે તથા નવા ટ્રેન્ડ મુજબ વૃક્ષારોપણ કરી રહ્યા છે. જે ખુબ સારી બાબત છે. આ એક એવો યુવા વર્ગ છે જે માત્ર સારા કાર્યો કરીને સમાજને મદદરૂપ થાય છે જયારે સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ કરવા અને રોમિયોગીરી કરવા વાળા માત્ર સમાજ માટે નડતરરૂપ બની રહ્યા છે. જન્મદિનની ઉજવણી કરતા રાત્રે બૂમરાડ મચાવી દેતા હોય છે. જાણે કોઈ સરઘસ કે રેલી કાઢી હોય તેમ મોડી રાત્રે મોટી સંખ્યામાં શહેરી વિસ્તારમાં પ્રથાઓ ચાલી રહી છે. જેમાં દારૂની મહેફિલો, નશીલા પદાર્થો પણ લેવાતા હોય છે. આ અંગે પોલીસ તંત્રએ કડક કાર્યવાહી કરવી જ જોઈએ. મોડી રાત સુધી શહેરમાં મોટી સંખ્યામાં મિત્રોના જૂથમાં બેસીને રોમિયોગીરી કરી રહ્યા છે. જેમાં ઘણીવાર મોટી મોટી બબાલ પણ થઈ ગઈ છે તલવારો અને બંદૂકોથી હુમલાઓ કરતા રોમિયો શહેરના માલિક બનીને ઘુવડની જેમ રાત્રે રખડતા જોવા મળે છે. જેમાં નાની નાની બાબતોમાં જૂથ અથડામણ કરીને ઝઘડાઓ કરતા નજરે ચડે છે. રાત્રિ દરમિયાન સમાન્ય માણસો બહાર નીકળવાનું ટાળે છે કારણ કે આવા અસામાજિક તત્વો વધી રહ્યા છે. દરરોજ જન્મદિવસની ઉજવણી રાત્રી દરમિયાન ચાલી રહી છે. જેમાં અસભ્ય વર્તન કરતા તત્વોને પોલીસ દ્વારા કાર્યવાહી કરવી જોઈએ.